**<u>અસ્વીકરણ:</u>** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

**અમદાવાદ ખાતેની ગુજરાત ઉચ્ચ ન્યાયાલયમાં**

**આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૬૯૬/ ૨૦૧૦**

**સાથે**

**આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૬૯૭ / ૨૦૧૦**

**મંજૂરી અને સહી માટે: સહી/-**

**માનનીય ન્યાયમૂર્તિ ડૉ.એ. પી. ઠાકર**

| | | |
|---|---|---|
| ૧. | શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે છે? | ના. |

| | | |
|---|---|---|
| ૨. | રિપોર્ટરને રીફર કરવું કે નહીં? | હા. |
| ૩. | શું ન્યાયમૂર્તિશ્રી ચુકાદાની આખરી નકલ જોવા માંગે છે? | ના. |
| ૪. | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | ના. |

==================================================

ચીફ મેનેજર અને ૧ અન્ય

વિરુદ્ધ

પૂર્ણિમા એ. અંધારિયા તે ગુજરનાર અશોકભાઈ ડી. અંધારિયાના વિધવા

==================================================

ઉપસ્થીતી:–

અરજદાર(રો) નં. ૧,૨ માટે સુશ્રી ધર્મિષ્ઠા રાવલ (૭૦૭)

સામવાળા નં. ૧ માટે શ્રી રાજેશ પી. માંકડ (૨૬૩૭)

==================================================

કોરમ:**માનનીય ડૉ. ન્યાયમૂર્તિ એ. પી. ઠાકર**

**તારીખ: ૧૬/૦૭/૨૦૨૧**

# સીએવી ચૂકાદો

૧. શ્રમ અદાલત, અમદાવાદના પ્રેસાઈડિંગ ઓફિસર (આ પછી આને "શ્રમ અદાલત" તરીકે ઉલ્લેખવામાં આવશે) દ્વારા રિકવરી એપ્લિકેશન નં. ૩ ઓફ ૨૦૦૬ માં પસાર કરાયેલા તારીખ ૧૬.૧૦.૨૦૦૯ ના આદેશ સામે ભારતના બંધારણની કલમ ૧૬, ૨૨૬ અને ૨૨૭ હેઠળ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૬૯૬ ઓફ ૨૦૧૦ ફાઈલ કરવામાં આવી છે, જેના દ્વારા શ્રમ અદાલતે સામવાળાને મેડિકલ બિલ, જીવન નિર્વાહ ભથ્થું અને ૧૮૪ દિવસનું રજાનું રોકડમાં રૂપાંતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. જ્યારે, રિકવરી એપ્લિકેશન નં. ૪૭૨ ઓફ ૨૦૦૬ માં શ્રમ અદાલત દ્વારા પસાર કરાયેલા તારીખ ૧૬.૧૦.૨૦૦૯ ના આદેશ સામે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૬૯૭ ઓફ ૨૦૧૦ ફાઈલ કરવામાં આવી છે, જેના દ્વારા શ્રમ અદાલતે બેંકના મૃતક કર્મચારીના મૃત્યુ સમયે જમા પ્રોવિડન્ટ ફંડની રકમ સામવાળાને ચૂકવવાની રાહત મંજૂર કરી છે.

૨. કારણ કે આ બંને પિટિશનોમાં સમાવિષ્ટ કાયદાનો પ્રશ્ન સમાન છે, તેથી તે બંનેને એકસાથે જોડવામાં આવ્યા છે. આથી, આ બંને પિટિશનોનો આ સંયુક્ત ચૂકાદા દ્વારા નિકાલ કરવામાં આવે છે.

૩. સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૬૯૬ ઓફ ૨૦૧૦ એ રિકવરી એપ્લિકેશન નં. ૩ ઓફ ૨૦૦૬ માં શ્રમ અદાલત દ્વારા પસાર કરાયેલા આદેશને લગતી છે, જ્યારે, સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૬૯૭ ઓફ ૨૦૧૦ એ રિકવરી એપ્લિકેશન નં. ૪૭૨ ઓફ ૨૦૦૬ માં શ્રમ અદાલત દ્વારા પસાર કરાયેલા આદેશને લગતી છે.

૪. અરજદાર દ્વારા ઉઠાવવામાં આવેલા મુખ્ય મુદ્દાઓ એ છે કે સામવાળાના પતિ એટલે કે અશોકભાઈ ડી. અંધારિયા અરજદાર–બેંકના કર્મચારી હતા અને કેશિયર તરીકે ફરજ બજાવતા હતા અને તેમના કાર્યકાળ દરમિયાન, તેમણે રૂ. ૧૫,૪૦,૦૦૦/– ની રકમની ઉચાપત કરી છે અને બેંકને નુકસાન પહોંચાડ્યું છે. અરજદારોનો કેસ એવો છે કે મૃતક કામદારને તારીખ ૨૩.૧૧.૨૦૦૧ થી સેવામાંથી મોકૂફ (સસ્પેન્ડ) કરવામાં આવ્યા હતા. એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે તપાસ બાકી હતી તે દરમિયાન, તારીખ ૧૯.૦૬.૨૦૦૨ ના રોજ તેમનું મૃત્યુ થયું હતું અને તપાસ અધીકારી દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રાથમિક અહેવાલ સ્પષ્ટપણે દર્શાવે છે કે મૃતકે અન્ય સગાંઓના નામે બચત બેંક ખાતાઓ ઓપરેટ કર્યા હતા જેમાં તેઓ પોતે પણ એક લાભાર્થી હતા અને આવા ખાતાઓ ઊભા કરીને, તેમણે બેંકની મોટી રકમની ઉચાપત કરી છે. વધુમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે અરજદાર–બેંકના નિયમો અને વિનિયમો અનુસાર, તેમને મેડિકલ બિલ, જીવન નિર્વાહ ભથ્થું અને રજાનું રોકડમાં રૂપાંતર ચૂકવવામાં આવ્યું હતું. એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે તારીખ ૦૧.૦૮.૧૯૭૯ ના દ્વિપક્ષીય કરાર અનુસાર,

મૃતકની બાકી લોનની રકમને પ્રોવિડન્ટ ફંડની બાકી નીકળતી રકમ સામે સરભર કરી શકાય છે જે કાયદા હેઠળ અરજદારો માટે ગ્રાહ્ય છે અને તેને ધ્યાનમાં રાખીને, મૃતકના નામે જમા રકમને તેમણે મેળવેલી વિવિધ લોન સામે સરભર કરવામાં આવી હતી.

૪.૧ અરજદારોના જણાવ્યા મુજબ, અહીંના સામવાળા, જેઓ મૃતક કર્મચારીના પત્ની છે, તેમણે તારીખ ૨૩.૧૧.૨૦૦૧ થી ૧૯.૦૬.૨૦૦૨ સુધીના સમયગાળા દરમિયાનના મેડિકલ બિલ, જીવન નિર્વાહ ભથ્થું અને ૧૮૪ દિવસના રજાના રોકડમાં રૂપાંતરની રકમ તેમજ પ્રોવિડન્ટ ફંડની રૂ. ૧,૪૧,૬૫૯.૩૮ ની રકમ વસૂલ કરવા માટે ઉપર ઉલ્લેખ કર્યા મુજબ સીધી જ રિકવરી એપ્લિકેશન ફાઇલ કરી હતી. એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (આ પછી આને "આઈ. ડી. એક્ટ" તરીકે ઉલ્લેખવામાં આવશે) ની કલમ ૩૩ સી (૨) હેઠળ ટ્રિબ્યુનલને આવો આદેશ પસાર કરવાની કોઈ સત્તા નથી કારણ કે સામવાળાની તરફેણમાં કોઈ હક ઊભો થયો ન હતો. એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે સામવાળાએ રકમનો દાવો કરવાનો પોતાનો હક સ્થાપિત કરવા માટે જરૂરી રીફરન્સ ફાઇલ કરવો જોઈતો હતો અને સંબંધિત અદાલત અથવા ટ્રિબ્યુનલ પાસેથી જરૂરી આદેશ મેળવવો જોઈતો હતો જે અરજદારો દ્વારા અહીંના સામવાળાને ચૂકવવાપાત્ર થઈ શકે તેવી રકમ નક્કી કરે. વધુમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે આવો રીફરન્સ ફાઇલ કર્યા વિના, સામવાળાએ કથિત રિકવરી એપ્લિકેશન સીધી શ્રમ અદાલત સમક્ષ ફાઇલ કરી છે અને સંબંધિત શ્રમ અદાલત

દ્વારા તેને ગ્રાહ્ય રાખવામાં આવી છે. એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે આઈ.ડી. એક્ટની કલમ ૩૩ સી (૨) માં સમાવિષ્ટ જોગવાઈઓને ધ્યાનમાં લેતા, શ્રમ અદાલતે અહીંના સામવાળા દ્વારા કરવામાં આવેલી વિનંતી મંજૂર કરવી જોઈતી ન હતી.

૫. અરજદારો માટેના વિ. વકીલ સુશ્રી ધર્મિષ્ઠા રાવલ અને સામવાળા માટેના વિ. વકીલ શ્રી રાજેશ માંકડને વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા વિગતવાર સાંભળવામાં આવ્યા.

૬. અરજદારો માટેના વિ. વકીલ સુશ્રી ધર્મિષ્ઠા રાવલે તે જ તથ્યો રજૂ કર્યા છે જે પિટિશનોની મેમોમાં વર્ણવવામાં આવ્યા છે. તેમણે સબમિટ કર્યું કે સામવાળાના પતિ બેંકના કર્મચારી હતા અને તેમણે છેતરપિંડી કરી હતી અને તેમની સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. તેમણે સબમિટ કર્યું કે મેડિકલ બિલ, જીવન નિર્વાહ ભથ્થું, રજાનું રોકડમાં રૂપાંતર અને પ્રોવિડન્ટ ફંડની રકમનો દાવો કરવા માટે સામવાળાના હકોનું કોઈ નિર્ણાયક નિર્ધારણ (એડજ્યુડિકેશન) કર્યા વિના, તેમણે સીધી જ રિકવરી એપ્લિકેશનો ફાઇલ કરી હતી જે કાયદાકીય રીતે ટકવાપાત્ર નથી. તેમણે સબમિટ કર્યું કે જ્યારે કામદારના ઉપરોક્ત રકમના હક અંગે માલિક દ્વારા વિવાદ ઉઠાવવામાં આવ્યો હતો, ત્યારે કોઈ રિકવરી એપ્લિકેશન ફાઇલ કરી શકાય નહીં. રેકોર્ડ પર મૂકવામાં આવેલા સાહિત્યનો સંદર્ભ આપતા, જેમાં શ્રમ અદાલત સમક્ષ ફાઇલ કરવામાં આવેલા લેખિત સબમિશન્સનો સમાવેશ થાય છે, તેમણે

સબમિટ કર્યું કે બેંકના નિયમો અને વિનિયમો અનુસાર, તબીબી ખર્ચની ચુકવણી માટે મર્યાદા (સીલિંગ) છે અને તેને કારણે બેંકે તે વિનિયમોનું પાલન કર્યું છે. તેમણે સબમિટ કર્યું કે આ બાબતને ધ્યાનમાં લેતા, બાકી તબીબી બિલ માટે સામવાળાનો દાવો ટકવાપાત્ર નથી.

૬.૧ અરજદારો માટેના વિ. વકીલ સુશ્રી રાવલે સબમિટ કર્યું કે મૃતક કર્મચારી એટલે કે અહીંના સામવાળાના પતિ દ્વારા કરવામાં આવેલી છેતરપિંડીને ધ્યાનમાં રાખીને, બેંકને મોટું નુકસાન થયું છે અને તેથી, મૃતકને સેવામાંથી મોકૂફ કરવામાં આવ્યા હતા. તેમણે સબમિટ કર્યું કે તપાસ બાકી હતી તે દરમિયાન, મૃતકનું મૃત્યુ થયું હતું. તેમણે સબમિટ કર્યું કે તપાસ અધીકારીનો પ્રાથમિક અહેવાલ સ્પષ્ટપણે દર્શાવે છે કે મૃતકે સગાંઓના નામે વિવિધ બચત ખાતાઓ ખોલ્યા હતા અને મૃતક પણ આ તમામ બચત ખાતાઓમાં એક ખાતાધારક હતા અને મૃતકે કથિત ખાતાઓમાં જમાની કાલ્પનિક એન્ટ્રી કરી હતી. તેમણે સબમિટ કર્યું કે જમાની આવી કાલ્પનિક એન્ટ્રી કરીને, મૃતકે ત્યારબાદ આવા ખાતાઓમાંથી રકમ ઉપાડી લીધી હતી અને તેનાથી બેંકને નાણાકીય નુકસાન થયું હતું. તેમના સબમિશન મુજબ, મૃતકે આ તથ્યો લેખિતમાં સ્વીકાર્યા હતા અને તેને પરત ચૂકવવા સંમત થયા હતા. પરંતુ તેમનું મૃત્યુ થતાં, કોઈ રકમ વસૂલ કરી શકાઈ ન હતી. પ્રોવિડન્ટ ફંડના નિયમોનો સંદર્ભ આપતા, તેમણે સબમિટ કર્યું કે પ્રોવિડન્ટ ફંડની કથિત રકમમાંથી બેંકની લેણી રકમ વસૂલ કરવાની બેંકને તમામ સત્તા છે. તેમના સબમિશન્સ મુજબ, મૃતક સામે વિવિધ એડવાન્સિસ / લોનની રકમો

બાકી હતી અને તેથી, મૃતકને તેમના પ્રોવિડન્ટ ફંડમાંથી ચૂકવવાપાત્ર રકમમાંથી તેને સરભર કરવામાં આવી છે. તેમણે સબમિટ કર્યું કે મૃતકના હકો અંગે બેંક દ્વારા વિવાદ ઉઠાવવામાં આવ્યો છે જે સદ્ભાવનાપૂર્ણ (બોનાફાઇડ) સ્વરૂપનો છે અને તેથી, સામવાળાના તે હકોનું કોઈ નિર્ણાયક નિર્ધારણ કર્યા વિના, શ્રમ અદાલતને આઈ.ડી. એક્ટની કલમ ૩૩ સી (૨) હેઠળ કોઈ ક્ષેત્રાધિકાર નથી. તેમણે ભારપૂર્વક સબમિટ કર્યું કે શ્રમ અદાલત દ્વારા વાપરવામાં આવેલ ક્ષેત્રાધિકાર દોષપૂર્ણ છે અને તેથી, બંને રિકવરી એપ્લિકેશનોમાં શ્રમ અદાલત દ્વારા પસાર કરાયેલા આદેશોને રદ અને સેટ અસાઇડ કરવામાં આવે.

૬.૨ પોતાના સબમિશન્સ માટે, અરજદાર માટેના વિ. વકીલ સુશ્રી રાવલે નીચેના નિર્ણયો પર આધાર રાખ્યો છે:–

૧. સેક્રેટરી મારફતે ગુજરાત રાજ્ય વિ. કે. એ. પ્રજાપતિ લેટર્સ પેટન્ટ અપીલ નં. ૧૧૪ ઓફ ૨૦૧૯ માં આપવામાં આવેલ તારીખ ૧૫.૦૧.૨૦૧૯ નો આદેશ.

૨. કેનેરા બેંક અને અન્ય વિ. લલિત પોપલી (મૃતક) કાયદાકીય પ્રતિનિધિઓ મારફતે, (૨૦૧૮) ૧૧ એસસીસી ૮૭;

૩. યુ. પી. રાજ્ય અને અન્ય વિ. બ્રિજપાલ સિંહ, (૨૦૦૫) ૮ એસસીસી ૫૮;

૪. રતાડિયા સંગ્રામ કરમશીભાઈ વિ. ધી પ્રિન્સિપાલ, કેન્દ્રીય વિદ્યાલય, લેટર્સ પેટન્ટ અપીલ નં. ૧૪૪૧ ઓફ ૨૦૧૯ માં આપવામાં આવેલ તારીખ ૨૪.૦૭.૨૦૧૯ નો આદેશ;

૫. ગુજરાત વોટર સપ્લાય એન્ડ સીવરેજ બોર્ડ વિ. કેતનભાઈ દિનકરરાય પંડ્યા, લેટર્સ પેટન્ટ અપીલ નં. ૪૨૯ ઓફ ૨૦૦૦ અને સંલગ્ન બાબતોમાં આપવામાં આવેલ તારીખ ૧૬.૦૬.૨૦૦૩ નો આદેશ;

૬. જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિ. મુકેશ એ. વોરા સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૮૧૯૫ ઓફ ૨૦૦૯ માં આપવામાં આવેલ તારીખ ૦૭.૧૦.૨૦૧૬ નો આદેશ;

૭. હિતેન્દ્ર લક્ષ્મીચંદ સોની વિ. શેખ એન્ડ કંપની, ૨૦૧૬ (૩) જી.એલ.આર. ૧૮૯૨;

૭. આનાથી વિપરીત, સામવાળા માટેના વિ. વકીલ શ્રી રાજેશ માંકડે સબમિટ કર્યું કે આઈ. ડી. એક્ટની કલમ ૩૩ સી (૨) ની જોગવાઈઓ અંગે અરજદારો વતી કરવામાં આવેલા સબમિશન્સ સાચા નથી. તેમણે સબમિટ કર્યું કે આ જોગવાઈ હેઠળ, કામદારને માલિક પાસેથી પોતાની લેણી રકમ વસૂલ કરવા માટેના હકો આપવામાં આવ્યા છે. તેમણે સબમિટ કર્યું કે માત્ર સામા પક્ષ દ્વારા વિવાદો ઉઠાવવામાં આવ્યા હોવાને કારણે તે કામદારને આઈ.ડી. એક્ટની કલમ ૩૩ સી (૨) હેઠળ ઉપલબ્ધ હકોને અસર કરી શકે નહીં અને તે કામદારને ચૂકવવાપાત્ર

નાણાંનું નિર્ણાયક નિર્ધારણ કરવામાં શ્રમ અદાલતના ક્ષેત્રાધિકાર અને સત્તાને અસર કરતું નથી. તેમણે સબમિટ કર્યું કે વર્તમાન કેસમાં કામદારને પ્રાપ્ત થયેલા હકો રજૂ કરાયેલા દ્વિપક્ષીય કરારની જોગવાઈઓ તેમજ શ્રમ અદાલત દ્વારા કરવામાં આવેલા કથનો અને અવલોકનોને કારણે અગાઉથી જ સ્પષ્ટ (ક્રિસ્ટલાઈઝ) થયેલા છે. તેમણે સબમિટ કર્યું કે શ્રમ અદાલતે પક્ષકારો વચ્ચેના વિવાદ (લિસ) નો યોગ્ય નિર્ણય કર્યો છે. તેમણે સબમિટ કર્યું કે દ્વિપક્ષીય કરાર સ્પષ્ટપણે જોગવાઈ કરે છે કે કામદાર પોતાની નિવૃત્તિ સમયે અથવા પ્રસંગોપાત કામદારના જમા ખાતામાં રહેલા સમગ્ર મેડિકલ બિલ, જીવન નિર્વાહ ભથ્થું અને રજાના રોકડમાં રૂપાંતરની રકમ મેળવવા માટે હકદાર છે. તેમણે સબમિટ કર્યું કે પ્રોવિડન્ટ ફંડ એક્ટ, ૧૯૨૫ ને ધ્યાનમાં લેતા, બેંક કામદાર પાસે ઉપલબ્ધ પ્રોવિડન્ટ ફંડની બાકી રકમમાંથી કોઈ રકમ કાપી શકે નહીં. તેમના સબમિશન્સ મુજબ, વિવિધ લોનની સો–કોલ્ડ બાકી રકમ સામે પ્રોવિડન્ટ ફંડમાંથી કરવામાં આવેલ કાપ એ સ્વેચ્છાચારી છે કારણ કે સામવાળાને સાંભળવાની કોઈ તક આપવામાં આવી ન હતી. તેમણે સબમિટ કર્યું કે જો બેંકની લેણી રકમ વાસ્તવિક હોય તો મૃતકના વારસદારો તે ચૂકવવા માટે હંમેશા તૈયાર અને ઉત્સુક છે. તેમના જણાવ્યા મુજબ, વર્તમાન કેસમાં શ્રમ અદાલત દ્વારા વાપરવામાં આવેલ ક્ષેત્રાધિકાર યોગ્ય છે.

૭.૧ સામવાળા માટેના વિ. વકીલ શ્રી માંકડે સબમિટ કર્યું કે અરજદારોના વિ. વકીલ દ્વારા આધાર રાખવામાં આવેલા નિર્ણયો વર્તમાન કેસના

તથ્યાત્મક પાસાઓને લાગુ પડતા નથી કારણ કે તે નિર્ણયોમાં કામદારની તરફેણમાં કોઈ હક પ્રાપ્ત થયો ન હતો, જ્યારે, વર્તમાન કેસમાં, પ્રોવિડન્ટ ફંડ એક્ટ તેમજ દ્વિપક્ષીય કરાર અને બેંકના વિનિયમોમાં કરવામાં આવેલી જોગવાઈઓને કારણે હકો અગાઉથી જ સ્પષ્ટ થયેલા છે. નીચેના નિર્ણયો પર આધાર રાખતા, વિ. વકીલ શ્રી માંકડે બંને પિટિશનો રદ કરવા માટે પ્રાર્થના કરી છે.

૧. ધી સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા લિમિટેડ વિ. પી. એસ. રાજગોપાલન વગેરે, એઆઈઆર ૧૯૬૪ એસસી ૭૪૩;

૨. સાહુ મિનરલ્સ એન્ડ પ્રોપર્ટીઝ લિમિટેડ વિ. પ્રેસાઈડિંગ ઓફિસર, લેબર કોર્ટ, (૧૯૭૬) ૩ એસસીસી ૯૩;

૩. યુનિયન ઓફ ઇન્ડિયા વિ. જ્યોતિ ચિટ ફંડ એન્ડ ફાઈનાન્સ અને અન્ય, એઆઈઆર ૧૯૭૬ એસસી ૧૧૬૩;

૪. ભાનુભાઈ માલાભાઈની પુત્રી લલિતાબેન ભાનુભાઈ વિ. ભાનુભાઈ માલાભાઈના પત્ની લાલીબેન ભાનુભાઈ અને અન્ય, ૧૯૯૨ ૧.એલ.એલ.એન. ૭૯૨;

૫. કમલેશ કનૈયાલાલ જાની વિ. ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ, દિલ્હી અને અન્ય, ૨૦૦૪ લેબર.આઇ.સી. ૨૬૩૧;

૬. ઉગ્ર સેન સિંહ અને અન્ય વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ અને અન્ય, ૧૯૯૫ ૨ એલ.એલ.એન. ૩૬૩

૭.૨ વિ. વકીલ શ્રી માંકડે સબમિટ કર્યું કે વચગાળાના આદેશને કારણે, આ અદાલતની રજિસ્ટ્રી પાસે પડી રહેલી રકમ અહીંના સામવાળાને ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવે.

૮. પુનઃચર્ચામાં, અરજદારો માટેના વિ. વકીલ સુશ્રી રાવલે સબમિટ કર્યું કે વર્તમાન કેસમાં, શ્રમ અદાલતે હકોનો નિર્ણય કર્યો છે અને વિવાદિત તથ્યનું નિર્ણાયક નિર્ધારણ કર્યું છે જે કાયદા હેઠળ ગ્રાહ્ય નથી. તેમણે સબમિટ કર્યું કે શ્રમ અદાલત દ્વારા હાથ ધરવામાં આવેલી કવાયત કાયદાકીય રીતે ટકવાપાત્ર નથી અને શ્રમ અદાલતમાં આવી કોઈ સત્તા નિહિત નથી. તેમણે સબમિટ કર્યું કે શ્રમ અદાલત આઈ.ડી. એક્ટની કલમ ૩૩ સી (૨) હેઠળ દાવાની "નિર્ણાયક સુનાવણી (એડજ્યુડિકેટ)" કરી શકે નહીં. તેમણે સબમિટ કર્યું કે રૂ. ૮૧,૦૦૦/- ની પ્રોવિડન્ટ ફંડનો ભાગ સામવાળાને ચૂકવી દેવામાં આવ્યો છે, જોકે, આ તથ્ય શ્રમ અદાલત સમક્ષ કે આ અદાલત સમક્ષ સામવાળા દ્વારા કહેવામાં આવ્યું નથી. તેમણે સબમિટ કર્યું કે સામવાળાના આ વર્તનને ધ્યાનમાં લેવામાં આવે. તેમણે સબમિટ કર્યું કે સામવાળાના વિ. વકીલ દ્વારા આધાર રાખવામાં આવેલા નિર્ણયો લાગુ પડતા નથી અને વિવિધ નિર્ણયો પર તેમના દ્વારા રાખવામાં આવેલ આધાર વર્તમાન કેસના તથ્યોને લાગુ પડે છે. તેમણે બંને પિટિશનો મંજૂર કરવા માટે પ્રાર્થના કરી છે.

૯. બાર ખાતે ટાંકવામાં આવેલા નિર્ણયો અને રેકોર્ડ પર મૂકવામાં આવેલા સાહિત્ય સાથે બંને પક્ષો વતી કરવામાં આવેલા સબમિશન્સ પર

વિચારણા કર્યા પછી, આ બિનવિવાદિત તથ્યો છે કે સામવાળાના પતિ બેંકમાં કેશિયર તરીકે ફરજ બજાવતા હતા અને કથિત ઉચાપત માટે તેમને તારીખ ૨૩.૧૧.૨૦૦૧ થી સેવામાંથી મોકૂફ કરવામાં આવ્યા હતા. આ બિનવિવાદિત તથ્યો છે કે કોઈ તપાસ પૂર્ણ થાય તે પહેલાં, તારીખ ૧૯.૦૬.૨૦૦૨ ના રોજ તેમનું મૃત્યુ થયું હતું. આ પણ બિનવિવાદિત તથ્યો છે કે સામવાળા મૃતકના પત્ની છે અને તેઓ પ્રોવિડન્ટ ફંડ અને મૃતકને મળવાપાત્ર અન્ય રકમો સહિતની રકમ મેળવવા માટે હકદાર છે. આ પણ બિનવિવાદિત તથ્યો છે કે સામવાળાએ રિકવરી એપ્લિકેશનો દાખલ કરી હતી; જેમાંથી એક મૃતકના જમા ખાતામાં રહેલા મેડિકલ બિલ, જીવન નિર્વાહ ભથ્થું અને ૧૮૪ દિવસના રજાના રોકડમાં રૂપાંતરની રકમ માટે અને બીજી મૃતકના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં પડેલી પ્રોવિડન્ટ ફંડની રકમની ચુકવણી માટે હતી. આ એક સ્વીકૃત તથ્ય છે કે કથિત રકમ માટે સામવાળા દ્વારા કોઈ પૂર્વ રીફરન્સ ફાઇલ કરવામાં આવ્યા નથી.

૧૦. આઈ. ડી. એક્ટની કલમ ૩૩ સી (૨) ની જોગવાઈઓનો સંદર્ભ આપવો યોગ્ય છે જે આ મુજબ વંચાય છે:-

**"૩૩ સી. માલિક પાસેથી લેણી રકમની વસૂલાત. –**

(૧) xxx xxx xxx

(૨) જ્યાં કોઈ કામદાર માલિક પાસેથી કોઈ નાણાં અથવા નાણાંના સ્વરૂપમાં ગણતરી કરી શકાય તેવો કોઈ લાભ મેળવવા માટે હકદાર હોય અને જો લેણી નીકળતી નાણાકીય રકમ અંગે અથવા જે દરે આવા લાભની ગણતરી કરવી જોઈએ તે રકમ અંગે કોઈ પ્રશ્ન ઊભો થાય, તો તે પ્રશ્ન, આ અધિનિયમ હેઠળ બનાવી શકાય તેવા કોઈ પણ નિયમોને આધીન રહીને, યોગ્ય સરકાર દ્વારા આ અંકે નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શ્રમ અદાલત દ્વારા [ત્રણ મહિનાથી વધુ ન હોય તેવા સમયગાળાની અંદર] નક્કી કરી શકાશે:

[શરત એ છે કે જ્યાં શ્રમ અદાલતના પ્રેસાઈડિંગ ઓફિસર તેમ કરવું જરૂરી અથવા યોગ્ય માને છે, તો તેઓ, લેખિતમાં નોંધવાના કારણોસર, તેવા સમયગાળાને તેઓ યોગ્ય માને તેવા વધુ સમયગાળા સુધી લંબાવી શકે છે.]

૧૧. એ નોંધવું સંબંધિત છે કે તારીખ ૦૧.૦૮.૧૯૭૯ ના દ્વિપક્ષીય કરાર જે પાના નં. ૪૦ પર રેકોર્ડ પર મૂકવામાં આવ્યો છે તે વિવિધ સેવા શરતો સાથે વ્યવહાર કરે છે જેમાંથી રજાના રોકડમાં રૂપાંતર અંગેની જોગવાઈ તેના ખંડ –૧૫ માં વર્ણવવામાં આવી છે જે આ મુજબ વંચાય છે :–

**૧૫. પ્રિવિલેજ લીવનું રોકડમાં રૂપાંતર :**

i) કામદાર નિવૃત્તિ સમયે તેના જમા ખાતામાં એકત્રિત થયેલી રજાનું રોકડમાં રૂપાંતર કરવા માટે હકદાર રહેશે.

ii) જો કોઈ કામદારનું સેવામાં સસ્પેન્ડ દરમિયાન મૃત્યુ થાય છે, તો તેના વારસદારોને તેના મૃત્યુ સમયે તેને મળવાપાત્ર રજા માટે પગાર ચૂકવવામાં આવશે.

૧૨. આમ, એ સ્પષ્ટ થાય છે કે કામદારની તરફેણમાં હક ઊભો કરવામાં આવ્યો છે જેઓ નિવૃત્તિ સમયે તેમના જમા ખાતામાં એકત્રિત થયેલી રજાનું રોકડમાં રૂપાંતર કરવા માટે હકદાર બનશે અને કામદારના મૃત્યુના કિસ્સામાં, તેમના વારસદારો તેમના મૃત્યુ સમયે તેમને મળવાપાત્ર રજા માટે પગાર ચૂકવવા માટે હકદાર છે. આમ, પ્રિવિલેજ લીવના રોકડમાં રૂપાંતરનો હક અગાઉથી જ દ્વિપક્ષીય કરાર દ્વારા ઊભો કરવામાં આવ્યો છે. બેંક દ્વારા તેનો ઈનકાર કરવામાં આવ્યો નથી.

૧૩. એ નોંધવું સંબંધિત છે કે દ્વિપક્ષીય કરારનો ખંડ – ૧૮ મેડિકલ બિલ અંગેની જોગવાઈ સાથે વ્યવહાર કરે છે જે આ મુજબ વંચાય છે:–

૧૮. મેડિકલ એઇડ : (આ યોજના હેઠળના બિલો મંજૂરી માટે હેડ ઓફિસરને રજૂ કરવામાં આવશે)

i) હોસ્પિટલાઈઝેશનની યોજના નીચેના રોગોને આવરી લેશે :-

i) કેન્સર vi) શીતળા (સ્મોલપોક્સ)

ii) ક્ષય રોગ (ટ્યુબરક્યુલોસિસ) vii) પ્લ્યુરસી

iii) લકવો (પેરાલિસિસ) viii) ડિપ્થેરિયા

iv) હ્રદયની બીમારી ix) રક્તપિત્ત (લેપ્રસી)

v) ટ્યુમર x) હોસ્પિટલાઈઝેશનની જરૂર હોય તેવા અકસ્માતો.

xi) સર્જિકલ ઓપરેશન, હોસ્પિટલાઈઝેશનની જરૂર હોય તેવા તમામ અન્ય રોગો જેમ કે મોતિયા, સર્જિકલ કમળો, લિવર સિરોસિસ.

ii) આ સુવિધાની અન્ય તમામ શરતો અને નિયમો અપરિવર્તિત રહેશે.

*iii) એ પણ સંમત થવામાં આવે છે કે મોકૂફી (સસ્પેન્શન) હેઠળના કર્મચારીઓ મેડિકલ એઇડ અને હોસ્પિટલાઈઝેશનની સુવિધા માટે હકદાર રહેશે.*

*iv) કામદારને તેની ફરજ દરમિયાન થયેલી ઈજાઓના કિસ્સામાં / તેની સામાન્ય પાત્રતા ઉપરાંત તબીબી ખર્ચ અને સારવાર અને/અથવા હોસ્પિટલાઈઝેશન સંપૂર્ણપણે રિઈમ્બર્સ કરવામાં આવશે. સારવાર માટે જરૂરી તેમની ગેરહાજરીના સમયગાળા માટે તેમને સ્પેશિયલ લીવ પર પણ ગણવામાં આવશે.*

૧૪. ઉપરોક્ત ખંડોના અવલોકન પર, એ સ્પષ્ટ છે કે મેડિકલ એઇડ મેળવવા માટે કોઈ ઉપલી મર્યાદા નિર્ધારિત કરવામાં આવી નથી. વધુમાં, કરારના અમુક મુદ્ધાઓ પર સત્તાધિકારી દ્વારા સ્પષ્ટતા પણ બહાર પાડવામાં આવી છે જેમાં મેડિકલ એઇડનો સમાવેશ થાય છે જેમાં નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવી છે:–

મેડિકલ એઇડ :

i) સેવા–મોકૂફ કરાયેલા કર્મચારીઓ સંપૂર્ણ તબીબી રિઈમ્બર્સમેન્ટ માટે પાત્ર રહેશે.

૧૫. આમ, આ સ્પષ્ટતા ચોક્કસપણે જોગવાઈ કરે છે કે મોકૂફ કરાયેલા કર્મચારીઓ સંપૂર્ણ તબીબી રિઈમ્બર્સમેન્ટ માટે પાત્ર રહેશે. મેડિકલ બિલોના નાણાકીય રિઈમ્બર્સમેન્ટ પર કોઈ કેપ (મર્યાદા) નથી. આ હક અગાઉથી જ કામદારની તરફેણમાં ઊભો કરવામાં આવ્યો છે.

૧૬. બેંકે પ્રોવિડન્ટ ફંડ એક્ટ, ૧૯૨૫ ની કલમ ૬ માં સમાવિષ્ટ જોગવાઈઓ પર આધાર રાખ્યો છે જે પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી કપાત કરવાની સત્તા સાથે સંબંધિત છે. તે આ મુજબ જોગવાઈ કરે છે:

> ૬. કપાત કરવાની સત્તા. – જ્યારે કોઈ સરકારી અથવા રેલ્વે પ્રોવિડન્ટ ફંડમાં કોઈ સબસ્ક્રાઇબર અથવા ડિપોઝિટરના જમા ખાતામાં રહેલી રકમ જે કન્ટ્રીબ્યુટરી પ્રોવિડન્ટ ફંડ છે તે ચૂકવવાપાત્ર થાય છે, ત્યારે, જો [ફંડના નિયમોમાં આ અંગે નિર્દિષ્ટ કરાયેલા સત્તાધિકારી] એવો નિર્દેશ આપે તો, તેમાંથી કપાત કરીને [પ્રસંગોપાત સરકાર અથવા રેલ્વે વહીવટ] ને ચૂકવવામાં આવી શકે છે –
>
> (એ) [સરકાર અથવા રેલ્વે વહીવટ] પ્રત્યે સબસ્ક્રાઇબર અથવા ડિપોઝિટર દ્વારા ઊભી કરાયેલી જવાબદારી હેઠળ લેણી નીકળતી કોઈ પણ રકમ, પરંતુ તે કોઈ પણ કિસ્સામાં સબસ્ક્રાઇબર અથવા ડિપોઝિટરના ખાતામાં જમા કરાયેલા

કોઈ પણ ફાળાઓની અને આવા ફાળાઓ પર જમા થયેલા કોઈ પણ વ્યાજ અથવા વધારાની કુલ રકમથી વધુ ન હોવી જોઈએ; અથવા

(બી) જ્યાં સબસ્ક્રાઈબર અથવા ડિપોઝિટરને ફંડના નિયમોમાં આ અંગે નિર્દિષ્ટ કરાયેલા કોઈ પણ કારણોસર [તેમની રોજગારી] માંથી બરતરફ કરવામાં આવ્યા હોય, અથવા જ્યાં તેમણે તેની શરૂઆતના પાંચ વર્ષની અંદર આવી રોજગારીમાંથી રાજીનામું આપ્યું હોય, તો આવા કોઈ પણ ફાળા, વ્યાજ અને વધારાની સમગ્ર અથવા કોઈ પણ ભાગની રકમ.

૧૭. અરજદારોના વિ. વકીલના જણાવ્યા મુજબ, ઉક્ત અધિનિયમ સૌરાષ્ટ્ર સ્ટેટ બેંકને લાગુ કરવામાં આવ્યો છે. ઉપરોક્ત જોગવાઈઓના અવલોકન પર, એ સ્પષ્ટપણે જણાય છે કે સબસ્ક્રાઈબર અથવા ડિપોઝિટર દ્વારા સરકાર પ્રત્યે ઊભી કરાયેલી જવાબદારી હેઠળ લેણી નીકળતી કોઈ પણ રકમ માટે પ્રોવિડન્ટ ફંડમાંથી કપાત કરી શકાય છે, જે એ શરતોને આધીન છે કે આવી રકમ કોઈ પણ કિસ્સામાં સબસ્ક્રાઈબર અથવા ડિપોઝિટરના ખાતામાં જમા કરાયેલા કોઈ પણ ફાળાઓની અને આવા ફાળાઓ પર જમા થયેલા કોઈ પણ વ્યાજ અથવા વધારાની કુલ રકમથી વધુ હોઈ શકે નહીં. આ જોગવાઈ ચોક્કસપણે સરકારી લેણી રકમની વસૂલાત સાથે વ્યવહાર કરે છે. સરકારી લેણી રકમની ચુકવણી

માટે, ફાળા દ્વારા જમા કરાયેલી રકમનો માત્ર એટલો જ ભાગ તેના વ્યાજ સાથે.

૧૮. અરજદારના વિ. વકીલે સૌરાષ્ટ્ર સ્ટેટ બેંકના વિનિયમો પર પણ આધાર રાખ્યો છે. તેનો અંશ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૬૯૭ ઓફ ૨૦૧૦ માં પાના નં. ૫૪ અને ૫૫ પર રેકોર્ડ પર મૂકવામાં આવ્યો છે. તેમાંથી, વિનિયમ ૧૭ અને ૨૧ આ મુજબ વંચાય છે:–

***વિનિયમ – ૧૭ સભ્યના જમા ખાતામાં રહેલી રકમની ચુકવણી :***

*(૧) ઉપ–વિનિયમ (૨) ને આધીન રહીને, વિનિયમ ૧૪, ૧૫ અને ૧૫ એ હેઠળ કરવામાં આવેલ કોઈ પણ ઉપાડને સરભર કર્યા પછી, સભ્યના જમા ખાતામાં રહેલી રકમ, જ્યારે તેઓ સભ્ય મટી જાય ત્યારે ચૂકવવાપાત્ર બનશે.*

*શરત એ છે કે જ્યાં કોઈ સભ્ય રાજીનામું આપે છે, નિવૃત્ત થાય છે અથવા બેંકમાં તેમની સેવાનો મૃત્યુ સિવાય અથવા છટણી, માંદગી કે શારીરિક અક્ષમતા અથવા તેમના નિયંત્રણ બહારના કારણોસર ૫ વર્ષની કાયમી સેવા પૂર્ણ કરતા પહેલાં અંત લાવવામાં આવે છે, તો તેઓ ફંડમાં*

પોતાના સબસ્ક્રિપ્શનની રકમ સાથે તેના પરના વ્યાજની ચુકવણી મેળવવા માટે જ હકદાર રહેશે અને ફંડમાં તેમના ખાતામાં બેંક દ્વારા કરવામાં આવેલા ફાળાના કોઈ ભાગ કે તેના પરના વ્યાજ માટે નહીં.

વધુ શરત એ છે કે જ્યાં કોઈ સભ્ય રાજીનામું આપે છે અથવા નિવૃત્ત થાય છે અથવા બેંકમાં તેમની સેવાનો મૃત્યુ સિવાય, અથવા છટણી, માંદગી કે શારીરિક અક્ષમતા અથવા તેમના નિયંત્રણ બહારના કારણોસર ૫ વર્ષ કે તેથી વધુ પરંતુ ૧૦ વર્ષથી ઓછી કાયમી સેવા પૂર્ણ કર્યા પછી અંત લાવવામાં આવે છે, તો તેઓ ફંડમાં પોતાના ફાળાની રકમ સાથે તેના સંબંધિત વ્યાજ, અને કાયમી સેવાના દરેક પૂર્ણ થયેલા વર્ષ માટે વ્યાજ સાથેના આવા ફાળાના ૧૦% ના દરે બેંકના ફાળાની રકમ મેળવવા માટે હકદાર રહેશે.

વધુ શરત એ છે કે નિવૃત્તિ પૂર્વેની રજા પર રહેલા સભ્ય પોતાના વિકલ્પ પર ફંડમાં પોતાના જમા ખાતામાં રહેલી રકમમાંથી પોતાના સબસ્ક્રિપ્શન અને તેના પરના વ્યાજથી વધુ ન હોય તેટલી રકમ ઉપાડી શકે છે, પરંતુ જો સભ્ય છેવટે નિવૃત્ત થતા નથી, તો ઉપાડેલી સંપૂર્ણ રકમ સતત રોજગારીની શરત તરીકે પરત જમા કરાવવી પડશે.

(૨) "જ્યાં સભ્યને બેંકને નાણાકીય નુકસાન પહોંચાડતા ગેરવર્તણૂકના કારણે તેમની રોજગારીમાંથી બરતરફ કરવામાં આવ્યા હોય, તો આવા નાણાકીય નુકસાનની સંપૂર્ણ રકમ, જેમ કે બેંક દ્વારા તેના સંપૂર્ણ વિવેકબુદ્ધિથી નક્કી કરવામાં આવે અથવા તેનો એવો ભાગ જેવો બેંક નિર્દેશ આપે (કોઈ પણ કિસ્સામાં બેંક દ્વારા તેમના ખાતામાં કરવામાં આવેલા ફાળાની કુલ રકમ સાથે તેના સંબંધિત જમા થયેલા વ્યાજથી વધુ નહીં) સભ્યને ચૂકવવાપાત્ર રકમમાંથી કાપી લેવામાં આવશે અને ટ્રસ્ટીઓ દ્વારા બેંકને ચૂકવવામાં આવશે."

(૩) ઉપ–વિનિયમ (૧) માં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં, જ્યારે ઉક્ત ઉપ–વિનિયમ હેઠળ કોઈ પણ રકમ એવા સભ્યને ચૂકવવાપાત્ર બને છે, જેઓ બેંક પ્રત્યેની જવાબદારી હેઠળ છે, ત્યારે આવી જવાબદારી હેઠળ લેણી નીકળતી રકમ (કોઈ પણ કિસ્સામાં બેંક દ્વારા તેમના ખાતામાં કરવામાં આવેલા ફાળાની કુલ રકમ સાથે તેના સંબંધિત જમા થયેલા વ્યાજથી વધુ નહીં) સભ્યને ચૂકવવાપાત્ર રકમમાંથી કાપી લેવામાં આવશે અને બેંકને ચૂકવવામાં આવશે.

**વિનિયમ – ૨૧ :**

*બેંક પ્રત્યેની જવાબદારી હેઠળ હોય તેવા સભ્યના મૃત્યુ પર, આવી જવાબદારીની રકમ (કોઈ પણ કિસ્સામાં બેંક દ્વારા તેમના ખાતામાં કરવામાં આવેલા ફાળાની કુલ રકમ સાથે તેના સંબંધિત જમા થયેલા વ્યાજથી વધુ નહીં) સભ્યને ચૂકવવાપાત્ર રકમમાંથી કાપી લેવામાં આવશે અને બેંકને ચૂકવવામાં આવશે.*

૧૯. હવે, વિનિયમ ૧૭(૨) અનુસાર જ્યાં સભ્યને બેંકને નાણાકીય નુકસાન પહોંચાડતા ગેરવર્તણૂકના કારણે તેમની રોજગારીમાંથી બરતરફ કરવામાં આવ્યા હોય, તો આવા નાણાકીય નુકસાનની સંપૂર્ણ રકમ, જેમ કે બેંક દ્વારા તેના સંપૂર્ણ વિવેકબુદ્ધિથી નક્કી કરવામાં આવે અથવા તેનો એવો ભાગ જેવો બેંક નિર્દેશ આપે તે સભ્યને ચૂકવવાપાત્ર રકમમાંથી કાપી લેવામાં આવશે અને ટ્રસ્ટીઓ દ્વારા બેંકને ચૂકવવામાં આવશે. જોકે, તે જ ખંડમાં એક રાઇડર (શરત) છે કે આવી વસૂલાત કોઈ પણ કિસ્સામાં બેંક દ્વારા તેમના ખાતામાં કરવામાં આવેલા ફાળાની કુલ રકમ સાથે તેના સંબંધિત વ્યાજથી વધુ હોવી જોઈએ નહીં. આમ, કર્મચારીના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી સંપૂર્ણ રકમ કાપી લેવાનો બેંક પાસે કોઈ નિરપેક્ષ હક ઉપલબ્ધ નથી. બેંક તે રકમ કાપી શકે છે જે કર્મચારીના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં તેના વ્યાજ સાથે જમા કરાવવામાં આવી હોય. વધુમાં, વિનિયમ ૧૭(૨) લાગુ કરવા માટે, કર્મચારીને રોજગારીમાંથી બરતરફ કરવામાં આવ્યા હોવા જોઈએ. હવે, સ્વીકૃતપણે, આ કેસમાં, કર્મચારીને માત્ર મોકૂફ કરવામાં આવ્યા હતા અને તેમને સેવામાંથી બરતરફ કરવામાં

આવ્યા ન હતા કારણ કે તપાસ બાકી હતી તે દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. જોકે, ઉપર ઉલ્લેખ કરેલા વિનિયમ ૨૧ અનુસાર, બેંક પ્રત્યેની જવાબદારી હેઠળ હોય તેવા સભ્યના મૃત્યુ પર, આવી જવાબદારીની રકમ સભ્યને ચૂકવવાપાત્ર રકમમાંથી કાપી લેવામાં આવી શકે છે અને બેંકને ચૂકવવામાં આવી શકે છે. જોકે, ત્યાં પણ એક રાઈડર છે કે બેંક કોઈ પણ કિસ્સામાં બેંક દ્વારા તેમના ખાતામાં કરવામાં આવેલા ફાળાની કુલ રકમ સાથે તેના સંબંધિત જમા થયેલા વ્યાજથી વધુ ન હોય તેવી રકમ કાપી શકે છે. આમ, વિનિયમ ૨૧ હેઠળ પણ, બેંક સભ્યના મૃત્યુ સમયે તેમના જમા ખાતામાં રહેલી પ્રોવિડન્ટ ફંડની સંપૂર્ણ રકમ કાપી શકે નહીં. હવે, આ કેસમાં, બેંકે મૃતકના જમા ખાતામાં રહેલી પ્રોવિડન્ટ ફંડની સંપૂર્ણ રકમ કાપી લીધી છે. આ તેના પોતાના વિનિયમો સાથે સુસંગત નથી. બેંક કર્મચારીના મૃત્યુ સમયે પ્રોવિડન્ટ ફંડની બાકી રકમમાંથી તેના ફાળાથી વધુ ન હોય તેટલી રકમ વ્યાજ સાથે કાપી શકી હોત. જોકે, એ સ્પષ્ટ છે કે બેંકને લેણી નીકળતી બાકી રકમની કપાતને આધીન રહીને મૃતકના મૃત્યુ સમયે તેમના પ્રોવિડન્ટ ફંડમાં પડેલી જે પણ રકમ મેળવવા માટે મૃતકના નોમિનીની તરફેણમાં હક અગાઉથી જ પ્રાપ્ત થઈ ચૂક્યો છે. પરંતુ આવી રકમ બેંકના ફાળા અને તેના વ્યાજથી બિલકુલ વધુ હોઈ શકે નહીં.

૨૦. કેસના આ તમામ પાસાઓ પર વિચારણા કર્યા પછી, એ સ્પષ્ટપણે ફલિત થાય છે કે બેંકના વિનિયમ અને દ્વિપક્ષીય કરાર અનુસાર મેડિકલ રિઈમ્બર્સમેન્ટ, જીવન નિર્વાહ ભથ્થું, રજાનું રોકડમાં રૂપાંતર અને

પ્રોવિડન્ટ ફંડની રકમ મેળવવાનો હક મૃતક કર્મચારીની તરફેણમાં સ્પષ્ટ (ક્રિસ્ટલાઇઝ) થઈ ચૂક્યો છે. માત્ર રકમ નક્કી કરવા અંગેનું તથ્ય જ બાકી છે. આ બેંક દ્વારા હાથ ધરી શકાય છે કારણ કે આવી તમામ રકમ દરેક કેસમાં હંમેશા અનિશ્ચિત હોય છે. તેથી, જ્યારે બેંકના વિનિયમો અને તેની સાથે જોડાયેલા દ્વિપક્ષીય કરારને કારણે મૃતક કર્મચારીની તરફેણમાં હક અગાઉથી જ પ્રાપ્ત થઈ ચૂક્યો છે, ત્યારે તે જ હક સામવાળાના પત્નીની તરફેણમાં સંક્રમિત થશે. તેથી, આઈ.ડી. એક્ટની કલમ ૩૩ સી (૨) હેઠળ રિકવરી એપ્લિકેશન ફાઈલ કરવા માટે કોઈ બાધ નથી અને શ્રમ અદાલતને તેને ગ્રાહ્ય રાખવાનો અને તેના પર નિર્ણાયક ચુકાદો આપવાનો ક્ષેત્રાધિકાર છે, ખાસ કરીને, નામૌર અલી ચૌધરી અને અન્ય વિ. ધી સેન્ટ્રલ ઇનલેન્ડ વોટર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન લિમિટેડ અને અન્ય, એઆઈઆર ૧૯૭૮ એસસી ૨૭૫ ના કેસમાં સર્વોચ્ચ અદાલતના આદેશોને ધ્યાનમાં લેતા, જેમાં સર્વોચ્ચ અદાલતે પેરા–૪ માં નીચે મુજબ અવલોકન કર્યું છે:–

> ૪...... "લેણી નીકળતી નાણાકીય રકમ અંગે જો કોઈ પ્રશ્ન ઊભો થાય" તે અભિવ્યક્તિ તેના વ્યાપમાં નીચેના પ્રકારના વિવાદોમાંથી કોઈ એક અથવા વધુને આવરી લે છે:–
>
> (૧) શું કથિત મુજબ કોઈ કરાર અથવા એવોર્ડ છે?

(૨) શું કોઈ કરાર અથવા એવોર્ડ વગેરે હેઠળ કોઈ પણ કામદાર માલિક પાસેથી કોઈ પણ નાણાં મેળવવા માટે બિલકુલ હકદાર છે?

(૩) જો એમ હોય તો, આવી રકમનો દર અથવા પ્રમાણ (ક્વોન્ટમ) શું હશે?

(૪) શું દાવો કરેલી રકમ લેણી નીકળે છે કે નહીં?

મૂળભૂત રીતે કહીએ તો, આ એવા વિવાદો હશે જે લેણી નીકળતી નાણાકીય રકમ અંગેના પ્રશ્નને નિર્દેશિત કરી શકાશે. જો કરાર અથવા એવોર્ડના આધારે નાણાં મેળવવાનો હક સ્થાપિત ન થાય, તો નાણાંની કોઈ રકમ લેણી નીકળશે નહીં. જો તે સ્થાપિત થાય છે, તો પછી તે શોધવાનું રહેશે, ભલે તે માત્ર ગણતરી દ્વારા હોઈ શકે, કે લેણી નીકળતી રકમ કેટલી છે. તે શોધવા માટે, એ જરૂરી નથી કે લેણી નીકળતી નાણાકીય રકમ અંગે પણ કોઈ વિવાદ હોવો જ જોઈએ. ચોથા પ્રકારનો વિવાદ જે અમે દર્શાવ્યો છે તે સ્પષ્ટપણે અને અક્ષરશઃ "લેણી નીકળતી નાણાકીય રકમ" શબ્દસમૂહ દ્વારા આવરી લેવામાં આવશે. આવા તમામ પ્રશ્નો અથવા તેમાંથી કોઈ પણ અંગેનો વિવાદ

અધિનિયમની કલમ ૩૩ સી (૨) ની જોગવાઈઓને આકર્ષિત કરશે અને સંબંધિત કામદાર માટે ઉપચાર ઉપલબ્ધ કરાવશે."

૨૧. સેક્રેટરી મારફતે ગુજરાત રાજ્ય વિ. કે. એ. પ્રજાપતિ (ઉપરોક્ત) ના કેસમાં, કેસ પાંચ વર્ષની સતત સેવા પૂર્ણ થવા પર વર્ક ચાર્જડમાંથી અસ્થાયી સ્થાપનામાં સમાવેશ કરવાનો હતો. આમ, લેટર્સ પેટન્ટ અપીલના તથ્યાત્મક પાસાઓ વર્તમાન કેસના તથ્યો કરતાં સ્પષ્ટપણે અલગ છે.

૨૨. જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિ. મુકેશ એ. વોરા (ઉપરોક્ત) ના કેસમાં તથ્યો બિન–કામગીરીના શનિવાર અને રજાઓ (સાપ્તાહિક રજા) ના દિવસો માટેના પગારના દાવા અંગેના છે, જે દિવસોમાં દાવેદારે બિનવિવાદિતપણે કામ કર્યું ન હતું, જેને ગ્રાહ્ય રાખી શકાયા ન હોત અને મંજૂર કરી શકાયા ન હોત, ખાસ કરીને જ્યારે સેવાની શરત તરીકે અથવા અન્ય કોઈ મોડ દ્વારા કોઈ પૂર્વ–અસ્તિત્વમાં રહેલો હક ન હતો. આમ, સ્પેશિયલ સિવિલ એપ્લિકેશનનું તથ્યાત્મક પરિદ્રશ્ય વર્તમાન કેસ કરતાં અલગ છે.

૨૩. કેનેરા બેંક અને અન્ય (ઉપરોક્ત) ના કેસમાં તથ્યો એ અસર ધરાવે છે કે મૃતક અપીલકર્તા બેંકમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા હતા અને

ખાતાધારકના બચત ખાતામાંથી રૂ. ૧,૦૭,૦૦૦/- ની રકમ છેતરપિંડીથી ઉપાડી લેવા બદલ દોષી ઠર્યા હોય તેવી ખાતાકીય તપાસના પરિણામે તેમને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. તેમની સાથે બેંકના મેનેજર, એક અધિકારી તેમજ સ્પેશિયલ આસિસ્ટન્ટ સામે પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો અને તેઓ પણ તે જ ઘટનાના સંબંધમાં બેદરકારી માટે દોષી ઠર્યા હતા. તેમણે અપીલ ફાઇલ કરી હતી જે રદ કરવામાં આવી હતી અને તેમણે પોતાની સામે આદેશ થયા મુજબ રકમ જમા કરાવી હતી. મૃતકે આ બાબતને અદાલત સમક્ષ લઈ ગયા હતા અને અદાલતે પિટિશન રદ કરી હતી. ત્યારબાદ, બેંકે તેમાંથી મૃતક પાસેથી રકમ વસૂલ કરવાનું નક્કી કર્યું. બેંકે ફિક્સ્ડ ડિપોઝિટની પાકતી મુદતની કિંમતમાંથી આ રકમ સરભર કરી લીધી. આ તથ્યાત્મક પાસાઓને કારણે, સર્વોચ્ચ અદાલતે બેંકના નિર્ણયને સમર્થન આપ્યું હતું.

૨૩.૧ કેનેરા બેંક એમ્પ્લોઇઝ ગ્રેચ્યુઈટી ફંડ રૂલ્સના નિયમ – ૧૨, કેનેરા બેંક સ્ટાફ પ્રોવિડન્ટ ફંડ રેગ્યુલેશન્સ, ૧૯૯૪ ના ખંડ ૧૯ અને સેવાઓને સંચાલિત કરતા જનરલ કંડક્ટ રૂલ્સના પ્રકરણ સાતના નિયમ ૩(૪) ને ધ્યાનમાં લેતા, સર્વોચ્ચ અદાલતે સામવાળા – કર્મચારી કે જેમણે બનાવટી દસ્તાવેજો બનાવ્યા હતા જેનાથી આખરે બેંકને નુકસાન થયું હતું, તેમની પાસેથી સંપૂર્ણ રકમ વસૂલ કરવાના બેંકના નિર્ણયને માન્ય રાખ્યો છે.

૨૪. બ્રિજપાલ સિંહ (ઉપરોક્ત) ના કેસમાં, તથ્ય એ હતું કે કામદારની સેવાનો તારીખ ૦૩.૦૭.૧૯૮૭ ના રોજ અંત લાવવામાં આવ્યો હતો. અંત લાવવાના આદેશથી નારાજ થઈને, કામદારે રિટ પિટિશન ફાઇલ કરી હતી જેમાં વચગાળાના આદેશ દ્વારા, હાઇકોર્ટે કામદારની સેવાનો અંત લાવવા પર સ્ટે આપ્યો હતો. તે કાર્યવાહીમાં, ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય લોકોએ તેમનું કાઉન્ટર–એફિડેવિટ ફાઇલ કરીને જણાવ્યું હતું કે હાઇકોર્ટના આદેશ મુજબ કામદારે ક્યારેય ઓફિસમાં હાજરી આપી ન હતી અને ફરજ પર જોડાવાની કાળજી લીધી ન હતી, તેથી, તેઓ કોઈ પગાર મેળવવા માટે હકદાર ન હતા. ત્યારબાદ, કામદારે છ વર્ષના ગાળા પછી, બરતરફીની તારીખથી જુલાઈ ૧૯૯૩ સુધીના પગારની ચુકવણી અને ૧૯૮૭ થી ૧૯૯૨ ના વર્ષો માટે બોનસ માટે ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ ૩૩–સી(૨) હેઠળ પિટિશન ફાઇલ કરી હતી. તેમણે સંપૂર્ણપણે હાઇકોર્ટ દ્વારા પસાર કરાયેલા તારીખ ૨૮.૧૦.૧૯૮૭ ના વચગાળાના આદેશ પર આધાર રાખ્યો હતો. ઉત્તર પ્રદેશ રાજ્યએ પણ શ્રમ અદાલત સમક્ષ કાઉન્ટર–એફિડેવિટ ફાઇલ કરીને જણાવ્યું હતું કે રિટ પિટિશન હાઇકોર્ટ સમક્ષ વિચારણા હેઠળ બાકી હતી, તેથી, આવી પરિસ્થિતિઓમાં, શ્રમ અદાલત પાસે વિવાદ સાંભળવાની અને તેનો નિર્ણય કરવાની સત્તા ન હતી. જોકે, શ્રમ અદાલતે તેના તારીખ ૨૩.૦૮.૧૯૯૫ ના આદેશ દ્વારા અહીંના અપીલકર્તાઓને રૂ. ૧,૫૫,૮૨૧/– ના પગાર અને બોનસની ચુકવણી કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ આદેશથી નારાજ થઈને, ઉત્તર પ્રદેશ રાજ્યએ પિટિશન ફાઇલ કરીને હાઇકોર્ટનો સંપર્ક કર્યો હતો, જે કામદાર પગાર અને અન્ય ભથ્થાં માટે હકદાર છે તેવું ઠરાવીને રદ કરવામાં આવી હતી. આ

પરિસ્થિતિઓમાં, ઉક્ત નિર્ણયમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે ટ્રિબ્યુનલે કલમ ૩૩–એ હેઠળની ફરિયાદ પર અથવા કલમ ૧૦ હેઠળના રીફરન્સ પર ડિસ્ચાર્જ અથવા બરતરફીનો આદેશ વ્યાજબી ન હતો તેવું નિર્ણાયક નિર્ધારણ કર્યા પછી અને તે આદેશને રદ કરી કામદારને પુનઃસ્થાપિત કર્યા પછી જ કામદાર કલમ ૩૩–સી(૨) હેઠળ આગળ વધી શકે છે.

૨૪.૧ સર્વોચ્ચ અદાલતે, ઉપરોક્ત નિર્ણયમાં, પેરા–૧૦ માં નીચે મુજબ અવલોકન કર્યું છે:–

> "૧૦. એ સુસ્થાપિત છે કે ટ્રિબ્યુનલે કલમ ૩૩–એ હેઠળની ફરિયાદ પર અથવા કલમ ૧૦ હેઠળના રીફરન્સ પર ડિસ્ચાર્જ અથવા બરતરફીનો આદેશ વ્યાજબી ન હતો તેવું નિર્ણાયક નિર્ધારણ કર્યા પછી અને તે આદેશને રદ કરી કામદારને પુનઃસ્થાપિત કર્યા પછી જ કામદાર કલમ ૩૩–સી(૨) હેઠળ આગળ વધી શકે છે. આ અદાલતે પંજાબ બેવરેજીસ (પી) લિમિટેડ વિ. સુરેશ ચંદ, (૧૯૭૮) ૨ એસસીસી ૧૪૪ ના કેસમાં ઠરાવ્યું છે કે કલમ ૩૩–સી(૨) હેઠળની કાર્યવાહી એ એક્ઝિક્યુશન કાર્યવાહીના સ્વરૂપની કાર્યવાહી છે જેમાં શ્રમ અદાલત માલિક પાસેથી કામદારને લેણી નીકળતી નાણાકીય રકમની ગણતરી કરે છે, અથવા, જો કામદાર નાણાંના સ્વરૂપમાં ગણતરી કરી શકાય તેવા કોઈ

